રોગપ્રતિકારક રસી આજના વિજ્ઞાન યુગની બહુ મોટી સિધ્ધી છે. આપણા બાળકોને જેમ પોલીયો, ડીપ્થેરીયા, વિગેરે રોગો સામે રક્ષણ આપવા સમયસર રસી મુકાવીએ છીએ તેવી જ રીતે આપણા વ્હાલા અને કમાઉ પશુધનને પણ સમયસર તમામ રસી મુકાવીએ. આમ કરવાથી ધીરે ધીરે દેશમાંથી રોગોને નાબુદ કરી શકાય છે.

## પશુઓના પરોપજીવી કૃમિનું નિયંત્રણ :

પશુના શરીરમાં વિવિધ પ્રકારના કૃમિઓ દુષિત પાણી અને ખોરાક દ્વારા આવીને કાયમી ઘર બનાવી પશુ સ્વાસ્થ્યને હાનિકારક અસર કરે છે. કૃમિ મુખ્યત્વે પાચનતંત્રના વિવિધ ભાગો ઉપરાંત શરીરના બીજા અંગોમાં વસવાટ કરી પશુ શરીરનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

કૃમિઓ મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે.

(૧) ગોળ કૃમિ (મોટા કરમિયા) (૨) પટ્ટી કૃમિ (૩) યકૃત કૃમિ

## ગોળ કૃમિ અને પટ્ટી કૃમિ :-

આંતરડામાં રહી લોહી ચૂસવાનું કામ કરે છે. ગાભણ જાનવરના આંતરડાથી ગર્ભમાં જતા હોવાથી આવનાર બચ્ચામાં પણ જોવા મળે છે. મોટા કૃમિ વધારે પ્રમાણમાં હોય તો આંતરડું બંધ કરી દે છે. કૃમિના ઈંડા મળ દ્વારા બહાર આવી બીજા જાનવરમાં ચેપ લગાડે છે.

## યકૃત કૃમિ :

યકૃત માં બહેતા કૃમિ બંને બાજુ ચપટા અને પાન જેવા આકારના હોય છે. પુખ્તવયના કૃમિયુક્તના કોષોનો ખોરાક તરીકે ઉપયોગ કરી કોષોનો નાશ કરી કમળો કરે છે. ઉપરાંત પિત્તનળીઓમાં પણ ગંભીર ઈજા પહોંચાડે છે.



## પશુઓના સ્વાસ્થ્ય પર થતી હાનિકારક અસરો :

- પાડા/વાછરડા ની ઉંમર પ્રમાણે વૃદ્ધિ થતી નથી અને કુપોષણથી પીડાય છે.
- નાના પાડા/વાછરડા માં લોહીના શોષણથી નબળાઈ આવી જઈ મૃત્યુ પામે છે.
- મોટા જાનવર કુપોષણથી પીડાતા હોવાથી ઉત્પાદન અને પ્રજનન પર માઠી અસર જોવા મળે છે.
- ખોરાકના પ્રમાણમાં શરીર સારૂ થતું નથી. કુપોષણથી પીડાતા હોવાથી રોગપ્રતિકારક શક્તિના અભાવથી બીજા રોગો વારંવાર જોવા મળે છે.

## સારવાર :

- અલગ અલગ પ્રકારની કૃમિનાશક દવાઓ બજારમાં ઉપલબ્ધ છે. જેવી કે અલબેન્ડાઝોલ, થાયબેન્ડાઝોલ, ટ્રાઈક્લોબેન્ડાઝોલ, હેક્ઝોક્લોરોઈથેન, બીથીયોનલ, રેફોક્સાનાઈડ, આઈવરમેકટીન વગેરે જે પશુચિકિત્સકની સલાહ મુજબ વાપરવી.
- નાના પાડા/વાછરડાને જન્મ પછીના ૧૫માં દિવસે ત્યાર બાદ ૩, ૬, ૯ અને ૧૨ મહિને કૃમિનાશક દવા આપવી.
- એક વરસની ઉપરના જાનવરને દર છ મહિને દવા આપવી. એમા એક ડોઝ ચોમાસાની શરૂઆતમાં રસીકરણના ૧૫ દિવસ પહેલા આપવો.
- દરેક વખતે એક જ દવાનો ઉપયોગ ન કરતા અલગ અલગ પ્રકારની દવા વાપરવી.

## અટકાવવાના ઉપાયો :

- ગમાણની રોજ બરોજની સાફસફાઈ પર વધુ ધ્યાન આપવું.
- રોગી વાછરડા/પાડાને અલગ રાખવા, સારવાર કરવી.
- છાણને એક જગ્યાએ ઢગલો કરી ભેગું કરવું જેથી ઈંડા/ઈયળનો નાશ થઈ શકે.
- છાણના નમૂનાની સુક્ષ્મદર્શક યંત્ર વડે સમયાંતરે તપાસ કરાવવી.
- નદી/તળાવ/નહેરના કીનારાનું ઘાસ પશુને ચરવા દેવું નહી, ઘાસ કાપી તડકે સુકવ્યા બાદ ખવડાવવું, ઘાસનું સાઈલેજ બનાવી ઉપયોગમાં લેવું.
- ચોમાસાની શરૂઆત થતા પશુ ચિકિત્સક અધિકારીની સલાહ મુજબ દવાનો ઉપયોગ કરવો.

# પશુઓમાં રસીકરણ અને કૃમિ નિવારણ




: સંકલન :

ડૉ. વી. આર. દેસાઈ

ડૉ. એન. પી. શુકલ

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**

મુ.પો. સણોસરા, તા. શિહોર,

જી. ભાવનગર - ૩૬૪૨૩૦ ફોન : (૦૨૮૪૬) ૨૮૩૯૯૯

Email : kvkbhavanagar@gmail.com



પ્રકાશન વર્ષ : ૨૦૨૦-૨૧

## પશુઓમાં રસીકરણ અને કૃમિનિવારણ :

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે અને પશુપાલન કૃષિનું અભિન્ન અંગ છે. રાષ્ટ્રની કુલ આવકમાં પશુજન્ય ઉપજો જેવી કે દૂધ, દૂધની બનાવટો, માસ, ઈંડા વગેરેની આવકનો ફાળો મહત્વનો છે. ઉપર દર્શાવેલ પશુધન ઉપજો પૈકી દૂધ સૌથી મહત્વની ઉપજ છે. સારા દૂધ ઉત્પાદન માટે પશુઓનું આરોગ્ય જળવાઈ રહે તે અનિવાર્ય બાબત છે આમ પશુપાલક પાસે તંદુરસ્ત અને ઉપજાઉ પશુ હોવું જરૂરી છે. પશુઓમાં અનેક ચેપી/બીનચેપી રોગો થતા હોય છે. તે પૈકી કેટલાંક ચેપી રોગો પશુ માટે ગંભીર છે અને પશુઓમાં કાયમી ખામી સર્જતા હોય છે કે મરણ ઉપજાવતા હોય છે. આ રોગોને અટકાવવા સમયસર રસીકરણ એ ઉત્તમ ઈલાજ છે.

## રસીકરણ એટલે શું ?

રોગ થતા પહેલાં પશુમાં જે-તે રોગો સામે પ્રતિકારક શક્તિ વિકસાવવા માટે અપાતી દવાને રસી કહે છે. રસીકરણ એટલે કે રોગો માટેની પ્રતિકારક શક્તિ આપી શકે તેવી રસીઓ વડે પશુને સુરક્ષિત કરવું.

પશુઓને રોગ કરી શકે તેવા બેક્ટરિયા અને વાયરસમાંથી એક વિશિષ્ટ પધ્ધતિ દ્વારા દવા બનાવવામાં આવે છે. આવા બેક્ટેરિયા કે વાયરસ પશુમાં જે તે રોગ સામે પ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરી દે છે જેથી જ્યારે ખરેખર રોગના જંતુઓ પશુના સંપર્કમાં આવે ત્યારે પશુને રોગ લાગુ પાડી શક્તા નથી.

રસી બનાવવા માટે બીજી પણ ઘણી પધ્ધતિઓ છે તથા જુદા જુદા રોગની રસી બનાવવા માટે જુદી-જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જુદી જુદી રસી મૂકવાની રીત, તેનો ડોઝ અને તે રસી મૂકવાનો સમય જુદો જુદો હોય છે.

## રસીકરણના ફાયદાઓ :

- વિનામૂલ્યે ઉપલબ્ધ છે.
- ભરોસાપાત્ર છે.
- આડઅસરોથી મુક્ત છે.
- સરકારશ્રી દ્વારા ઘર બેઠા મળતી સેવા છે.
- મોંઘી સારવારમાં મુક્તી અપાવે છે.
- બિમારીના પ્રસંગો ટાળે છે, ઉત્પાદન જળવાઈ રહે છે.

## રસીકરણ વિષેની ભ્રામક માન્યતાઓ :

- રસી મુકાવવાથી પશુમાં નબળાઈ આવે છે.
- રસી મુકવવાથી દૂધ ઉત્પાદન ઘટે છે.
- રસી મુકવવાથી ગાભણ પશુ તરવાઈ જાય છે.
- બધાં અને તંદુરસ્ત જાનવરોને રસી મુકાવવી જરૂરી નથી.

## રસીકરણને લગતી કાળજીઓ :

- રસીના વપરાશના સમય સુધી તેને સતત નીચ ઉષ્ણતામાને રાખવી જરૂરી છે.
- પશુપાલક દ્વારા નવા ખરીદવામાં આવતાં પશુના રસીકરણ માટે સ્થાનિક પશુચિકિત્સક તુરંત જ સંપર્ક કરવો જોઈએ.
- રસીકરણની સામાન્ય સીઝન પહેલા જો તે રોગના ચિન્હો જોવા મળે તો સ્થાનિક પશુચિકિત્સકને તેની તુરંત જ જાણ કરવી જોઈએ. ઘણીવાર મુશ્કેલ વાતાવરણમાં અગાઉની રસીકરણની અસર વહેલી પૂરી થતી હોય છે.
- રસીકરણ ન કરાવેલ પશુઓ પોતે રોગગ્રસ્ત થવાનું સહુથી મોટું જોખમ ધરાવે છે અને સાથો સાથ ગામના અન્ય પશુ માટે રોગચાળાનું જોખમ વધારે છે. તેથી સમગ્ર ગામના પશુઓનું બૃહદ હિત વિચારી સહુ પશુપાલકોએ રસીકરણ એક સાથે કરાવવું જોઈએ.
- રસી મુકાવ્યા બાદ તે ભાગને બરાબર મસાજ કરી દેવો જેથી તે ભાગ ઉપર ગાંઠ થાય નહિ અને જો ગાંઠ થાય તો તેના પર બરફ ઘસવો.
- રસીકરણ પહેલા અને બાદ જાનવરને ખોરાક અને પાણી આપી શકાય છે.
- રસી મકેલા જાનવરોને તાવ આવે શકે છે તથા ઉત્પાદનમાં ક્ષણિક ઘટાડો જોવા મળે છે. જે સમય જતાં તંદુરસ્ત થઈ જાય છે.
- બિમારી પશુમાં કે મોટા ઓપેરશન પછી તરત રસીકરણ કરવું હિતાવહ નથી.
- કુતરૂં કરડેલા જાનવરને હડકવા ન થાય તે માટે તરત જ હડકવા વિરોધી રસી ૦,૩,૭,૧૪,૩૦ અને ૯૦ માં દિવસે મુકાવી દેવી.
- રસીકરણ માટે જંતુમુક્ત સીરીંજ-નીડલનો જ ઉપયોગ કરવો.
- છ માસથી નાના બચ્ચાને રસી મુકવી નહિ.
- રસી મુખ્યત્વે ગરદનના ભાગમાં ડાબી અથવા જમણી બાજુએ મૂકી શકાય છે.
- રસી મુક્તી વખતે જો સોયમાંથી લોહી નીકળે તો રસી મુકવા માટે બીજા ભાગનો ઉપયોગ કરવો.
- રસીકરણ તેના યોગ્ય સમયે જ કરવું હિતાવહ છે.
- રસીકરણ કરતાં પહેલા જે તે રસી માટેની સુચના ધ્યાને લેવી જરૂરી છે.
- ગળસૂંઢાનો રોગ જે વિસ્તારમાં વારંવાર થતો હોય ત્યાં વર્ષમાં બે વખત રસીકરણ કરાવવું. પ્રથમવાર રસીકરણ કર્યા બાદ ૫ થી ૬ માસમાં ફરી રસીકરણ કરાવવું.

સામાન્ય રીતે પશુઓમાં કોઈપણ પ્રકારની રસી મુકાવ્યા બાદ એન્ટીજન એન્ટીબોડી રીએક્સન શરૂ થાય છે. રસી મુકાવેલ પશુને બે ત્રણ દિવસ તાવ આવે છે અને ઉત્પાદકતામાં ક્ષણિક ઘટાડો થાય છે. આમ રસી મુકાવ્યા બાદ બે ત્રણ દિવસ પશુ બેચેન રહે છે, જે સમયાંતરે તંદુરસ્ત થઈ જાય છે અને તેની ઉત્પાદકતા પણ જળવાઈ રહે છે.

### રસી સમયપત્રક

| અ. નં. | રોગનું નામ | રસી મુકવાનો સમય | ફરીથી રસી મુકવાનો સમયગાળો | ક્યા ક્યા પશુઓમાં મુકવામાં આવે |
|---|---|---|---|---|
| ૧ | કાળીયો તાવ | ફેબ્રુઆરી-માર્ચ | દર વર્ષે | ગાય-ભેંસ અને ઘેટા બકરાં વર્ગના |
| ૨ | ગળસૂંઢો | મે | દર વર્ષે | ગાય-ભેંસ વર્ગના |
| ૩ | ગાંઠીયો તાવ | જૂન | દર વર્ષે | ગાય-ભેંસ વર્ગના |
| ૪ | ચેપી ગર્ભપાત | કોઈપણ સમયે | ફરી મુકવાની જરૂર રહેતી નથી | ૪-૯ માસની પાડી વાછરડીને |
| ૫ | થાઈલેરીયોસીસ | કોઈપણ સમયે | દર વર્ષે | સંકર જાનવરોમાં |
| ૬ | ખરવા-મોવાસા | નવેમ્બર ડિસેમ્બર | પ્રથમ ડોઝ ૪ માસની ઉંમર, બીજો ડોઝ ૬ મહિના પછી ત્યારબાદ દર વર્ષે આપવાનો | ગાય-ભેંસ અને ઘેટાં બકરાં |
| ૭ | હડકવા | કોઈપણ સમય | કુતરૂ કરડેલા જાનવરને પ્રથમ ડોઝ ૨૪ કલાકમાં મુકવો જરૂરી છે. | દરેક પશુમાં |